**તાત્કાલિક**

**ક્રમાંક:-નમક/૧૦૨૦૨૦/૬૦૪/બ**

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ:૧૨/૦૧/૨૦૨૧

પ્રતિ,
માહિતી નિયામકશ્રી,
બ્લોક નં-૧૯,
ડો.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય:-** કાયદા અધિકારીની કરાર આધારિત નિમણૂક અંગેની જાહેરાત વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના અનુસંધાને જણાવવાનુ કે મહેસૂલ વિભાગ(ખુદ)ની કાયદા અધિકારીની ૦૧ જગ્યા પર કરાર આધારિત નિમણૂક અંગેની જાહેરાત આ સાથે સામેલ છે. સદરહુ જાહેરાત ગાંધીનગરના સ્થાનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરાવીને નકલ આ વિભાગને મોકલી આપવા વિનંતિ છે.

આપનો વિશ્વાસુ,

(અમૃત પરમાર)
ઉપસચિવ,
મહેસૂલ વિભાગ,ગુજરાત સરકાર.
(ટે.નં.૫૧૫૪૧)

**બિડાણ:-** ઉપર મુજબ

નકલ રવાના:-

- આઇટી સેલ, મહેસૂલ વિભાગ...... કાયદા અધિકારીની જગ્યા માટેની જાહેરાત, અરજીપત્રક તથા કરારની શરતો અને બોલીઓ વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતિ સહ,

# અરજી પત્રક

પ્રતિ,
નાયબ સચિવશ્રી (મહેકમ)
મહેસૂલ વિભાગ, સચિવાલય ,
બ્લોક નં ૧૧/૫ મો માળ, સરદાર ભવન ,
ગાંધીનગર.

| |
|---|
| ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો |

વિષય : કાયદા અધિકારીની કરાર આધારિત જગ્યા માટે ઉમેદવારી નોંધાવવા બાબત.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | અરજદારનું પુરુ નામ: | | | | |
| | | અટક | નામ | પિતા/પતિનું નામ | |
| ૨ | પત્ર વ્યવહારનું સરનામું<br>ટેલિફોન નંબર | | | | |
| ૩ | જન્મ તારીખ | | | | |
| ૪ | ઉંમર(તા.૦૧-૦૧-૨૦૨૧ ના રોજ) | | | | |
| ૫ | શૈક્ષણિક લાયકાત | | | | |

| ક્રમ | પદવી | માન્ય યુનિવર્સિટીનું નામ | પાસ કર્યાનું વર્ષ | મેળવેલ ટકાવારી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

| | | |
|---|---|---|
| ૬ | અન્ય લાયકાત | |
| ૭ | બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં રજીસ્ટ્રેશન કરાવ્યા તારીખ | |
| ૮ | અનુભવ | |

## બાહેંધરીપત્ર

આથી હું..................................................................................................... જાહેર કરું છું કે ઉપર દર્શાવેલ વિગતો સંપૂર્ણપણે સત્ય છે.જો ખોટી કે ગેરમાર્ગે દોરનારી જણાશે તો નાયબ સચિવશ્રી (મહેકમ),મહેસૂલ વિભાગનો નિર્ણય મને બંધનકર્તા રહેશે.

અરજી કર્યા તારીખ:

.........................................
ઉમેદવારની સહી

## કાયદા અધિકારીની કરાર આધારિત નિમણૂક માટેની શરતો

૧. કાયદા અધિકારીની નિમણૂંક તેઓ જે તારીખે ફરજ પર હાજર થાય તે તારીખથી એક વર્ષ અથવા જગ્યાની મુદત સુધીની રહેશે.

૨. નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર બંને **પક્ષો** એક માસની નોટીસ આપીને આ નિયુકિતનો અંત લાવી શકશે.

૩. કાયદા અધિકારીને આ જગ્યા પર રુ.૪૦,૦૦૦/-ના એકત્રિત વેતન પર કોઈપણ જાતના ભથ્થા મળવપાત્ર થશે નહીં.

૪. કરારના સમય દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં તથા મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત તથા બીજા લાભો મળવાપાત્ર થશે નહિં.

૫. કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ પેંન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહિ.

૬. કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ સમયગાળાની એકત્રિત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવપાત્ર થશે. બીજા કોઈ નાણાંકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવપાત્ર થશે નહિ.

૭. કાયદા અધિકારીએ સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજ બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે.તેવા અધિકારીઓ માટે કચેરીમાં ફરજ પાલન માટે જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કરાર આધારિત અધિકારીએ પણ કચેરીમાં હાજરી આપવાની રહેશે.

૮. કાયદા અધિકારીને ઉકત સમય દરમ્યાન માસિક-૧ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં.

૯. કાયદા અધિકારીએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર તેઓ મુખ્ય મથક છોડી શકશે નહીં સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરુર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.

૧૦. કાયદા અધિકારીને સરકારી કામે પ્રવાસ પર જવાનુ થાય તો સરકારશ્રીના વર્તમાન ધોરણ મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવપાત્ર રહેશે.

૧૧. કાયદા અધિકારીને ગુજરાત સીવીલ સર્વિસીસ (કન્ડક્ટ) ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૨. કાયદા અધિકારીએ તેઓને મળનાર એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનુ બોંન્ડ આપવાનું રહેશે.

૧૩. કાયદા અધિકારીએ દર મહિને કેટલા કેસોમાં હાજર રહ્યા., કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો. તે પૈકી કેટલા કેસોમાં સરકાર **પક્ષે** તેમજ કેટલા કેસોમાં સરકાર વિરુધ્ધ ચૂકાદા આવ્યા તેની કોર્ટ/કેસવારની ચોકકસ માહિતી અગ્ર સચિવશ્રી (મહેસૂલ) ને અચૂક રજુ કરવાની રહેશે.

૧૪. નિમણૂક પત્ર મળ્યા તારીખથી દિન-૭ માં વિભાગમાં ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણુંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

****************

**મહેસૂલ વિભાગ**

**બ્લોક નં.૧૧, ૫ મો માળ સરદાર ભવન સચિવાલય**

**જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૦-૨૧**

**કાયદા અધિકારી(વર્ગ-૧)ની કરાર આધારીત જગ્યાની ભરતી**

મહેસૂલ વિભાગ, બ્લોક નં.૧૧, ૫ મો માળ, સરદાર ભવન, ગાંધીનગર જાહેરાત ક્રમાંક: ૦૧/૨૦૨૦-૨૧ મહેસૂલ વિભાગ(ખુદ)ની કાયદા અધિકારીની ૦૧ જગ્યા કરાર આધારિત ધોરણે ભરવા માટે ઈચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમુનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જયા | વય મર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૦૧ | ૩૫ થી ૪૫ વર્ષ | ૪૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ | (૧) માન્ય યુનિવર્સિટીની કાયદાના સ્નાતકની પદવી.<br>(૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૧૦ વર્ષનો અનુભવ.<br>(૩) જમીન મહેસૂલના કાયદાના જાણકાર |

અન્ય વિગતો:-

(૧) જગ્યાની ફરજો તથા વ્યક્તિના અનુભવને ધ્યાને લેતાં વય મર્યાદામાં છુટછાટ આપી શકાશે.

(૨) ગુજરાતી અને અંગ્રેજી બન્ને ભાષા પરનું પ્રભુત્વ ઈચ્છનીય.

(૩) બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવું ફરજીયાત.

(૪) અરજી પત્રક સાથે "ઉપસચિવ" મહેસૂલ વિભાગ, ગાંધીનગરના નામનો રૂ! ૧૦૦/- નો Demand Draft મોકલવાનો રહેશે.

(૫) સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી **દિન-૧૫ સુધીમાં** મળે તે રીતે "નાયબ સચિવશ્રી(મહેકમ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નામે મોકલી આપવાની રહેશે.